GJBH030086622025

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૧૫ | ૧૦ | ૨૦૨૫ |
| નિકાલ તારીખ : | ૧૮ | ૦૬ | ૨૦૨૬ |
| સમય અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૮ | ૦૩ |

## ક્રિમીનલ મેન્યુઅલના નિયમ રૂલ–૧૭૯(એ) અન્વયે જજમેન્ટ

## FORM - A

**અંકલેશ્વરના મહે.બીજા અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટશ્રી ની કોર્ટમાં**

**આંક:–**

**(જજમેન્ટ તારીખ– ૧૮/૦૬/ ૨૦૨૬)**
**ક્રિમીનલ કેસ નં– ૪૧૫૫/૨૦૨૫**
**(અંકલેશ્વર જી.આઇ.ડી.સી પોલીસ સ્ટેશન, ગુ.ર.નં–૧૧૧૯૯૦૨૧ ૨૫૦૮૮૫/૨૦૨૫)**
બી.એન.એસ.કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૨), ૩૫૨, ૩(૫) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ.

| | |
|---|---|
| **ફરીયાદી:–** | **શ્રી સરકાર.**<br>**(મૂળફરીયાદી–ગોપી S/O હરેન્દ્રસીંગ રામેશ્વરસીંગ સિંગ** |
| ફરીયાદપક્ષ તરફે :– | વિ. એડીશ્નલ પબ્લીક પ્રોશીકયુટર<br>શ્રી કે.એલ.દેસાઈ |
| **આરોપી:–** | **(૧) હિમાશુ રવિન્દ્રસીંગ રામાપતિસીંગ રાજપુત**<br>**(૨) પ્રિયાશુ S/O રવિન્દ્રસીંગ રામાપતિસીંગ રાજપુત**<br>**(૩) વિભાદેવી W/O રવિન્દ્રસીંગ રામાપતિસીંગ રાજપુત**<br>રહે.ત્રણેય મ.નં. ૩૯૮ મન મંદીર રેસીડેન્સી, કોસમડી ગામ તા.અંકલેશ્વર જી.ભરૂચ મૂળ રહે. પતેજી ગામ પોસ્ટ–ખુંજવા થાના–અસાંવ જી.સીવાન બિહાર. |

| | |
|---|---|
| ફરીયાદી તરફે :– | વિદ્દવાન એ.પી.પી.શ્રી. કે.એલ.દેસાઇ |
| આરોપી તરફે:– | વિદ્દવાન વકીલ શ્રી એસ.ડી.રાજ |

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ– | ૧૪/૦૮/૨૦૨૫ |
| એફ.આઈ.આર.તારીખ– | ૧૪/૦૮/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ– | ૦૮/૧૦/૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ– | ૦૧/૦૪/૨૦૨૬ |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ– | ૦૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ– | ૧૮/૦૬/૨૦૨૬ |
| ચુકાદા તારીખ– | ૧૮/૦૬/૨૦૨૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | ---------- |

**–::આરોપીની વિગત::–**

| **આરોપીનો રેન્ક** | **આરોપીનું નામ** | **ધરપકડ કર્યા તારીખ** | **જામીન મુકત કર્યા તારીખ** | **આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત** | **નિર્દોષ કે દોષિત.** | **ફરમાવેલ સજા.** | **ક્રિ.પ્રો. કો. કલમ–૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયત મા પસાર કરેલ સમય.** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **હિમાશુ રવિન્દ્રસીંગ રામાપતિસીંગ રાજપુત** | ૧૬/૦૮/૨૫ | ---- | બી.એન.એસ.કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૨), ૩૫૨, ૩(૫) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ.<br><br>બી.એન.એસ.કલમ– | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **૨** | **પ્રિયાશુ S/O રવિન્દ્રસીંગ રામાપતિસીંગ રાજપુત** | ૧૬/૦૮/૨૫ | | ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૨), ૩૫૨, ૩(૫) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ. | | | |
| **૩** | **વિભાદેવી W/O રવિન્દ્રસીંગ રામાપતિસીંગ રાજપુત** | ૧૬/૦૮/૨૫ | | બી.એન.એસ.કલમ– ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૨), ૩૫૨, ૩(૫) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ. | | | |

**FORM - C**

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના સાહેદોનું લીસ્ટ:–**

**એ – ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ:–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | ગોપીકુમાર હરેન્દ્રસીંગ | ૦૯ | ફરીયાદી |
| ૨ | નેન્સી હિમાશું સીંગ | ૧૧ | સાહેદ |

**બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ:–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| –– | –––– | ––– |

**સી – કોર્ટ સાહેદોનું લીસ્ટ:–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| –– | –––– | ––– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

**એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજ નું વર્ણન** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરીયાદની નકલ |
| ૨ | ૧૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩ | ૧૩ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ |
| ૪ | ૧૪ | મેડીકલ સર્ટી. |
| ૫ | ૧૫ | જાહેરનામુ |
| ૬ | ૧૬ | કલોઝીંગ પુરસીસ |

**<u>બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજ નું વર્ણન** |
|---|---|---|
| –– | ––– | ––– |

**<u>સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–</u>**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજ નું વર્ણન** |
|---|---|---|
| –– | ––– | ––– |

**<u>*–::ચુ કા દો ::–*</u>**

**<u>કેસની ટુંકી વિગતઃ–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી ગોપી S/O હરેન્દ્રસીંગ રામેશ્વર સીંગનાઓની બહેન નેન્સીબેન કે જેઓ આરોપી હિમાશું રવિન્દ્રસીંગ રાજપુતનાઓના પત્ની થાય છે. તેમજ ફરીયાદીશ્રીઓનુ પરિવાર તથા આરોપી હિમાશુ રવિન્દ્રસીંગ રાજપુતનાઓનુ પરિવાર એક સાથે એક જ મ.નં. ૩૯૮ મન મંદીર રેસીડેન્સી કોસમડી ગામખાતે રહેતા હોય તેમજ સાહેદણ ફરીયાદીશ્રીની બહેન નેન્સીબેન સગર્ભા હોય તેણીની દવા બાબતે તા. ૧૪/૦૮/૨૫ના રોજ કલાક ૦૮/૩૦ વાગે પોતાના ઘરે પતિ–પત્ની તથા સાસુ વિભાદેવી વચ્ચે ઝઘડો થતાં આરોપી હિમાશુએ આ કામના ફરીયાદીશ્રી નોકરી ઉપર ગયેલ હોય તેઓને ફોન કરી બોલાવતા ફરીયાદીશ્રી ઘરે આવતાં સાહેદણ નેસ્નીબેન તથા ફરીયાદી ગોપી સીંગનાઓને આરોપીઓ પૈકીના સાહેદણ નેન્સીબેનના

પતિ હિમાશુ તથા સાસુ વિભાબેન તથા દિયર પ્રિયાશુનાઓને મળી ગાળો બોલી, ગડદા–પાટુનો માર મારી તેમજ આરોપી પ્રિયાશુએ તેના હાથમાં પહેરેલ કડુ ફરીયાદીશ્રીને માથાના ભાગે તથા મોઢાના ભાગે મારતા ફરીયાદી ગોપી સીંગને જમણી આંખની નીચે ફ્રેકચર પહોંચાડી તેમજ આરોપી હિમાશુએ ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરી મહે. ડી.એમ.સાહેબ, જી. ભરૂચનાઓના જાહેરનામાનો ભંગ કરી, બી.એન.એસ.કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૨), ૩૫૨, ૩(૫) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે

**(૨)** આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ –૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપીઓ વિરૂધ્ધ આંક–જથી તહોમતનામું ફરમાવી, આરોપીઓની આંક–પથી આંક–૭થી પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમા આરોપીઓએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**મૌખીક તથા દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ગોપીકુમાર હરેન્દ્રસીંગની જુબાની | ૦૯ |

| | | |
|---|---|---|
| ૨ | સાહેદ નેન્સી હિમાશું સીંગ | ૧૧ |
| ૩ | ફરીયાદની નકલ | ૧૦ |
| ૪ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૧૨ |
| ૫ | મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ | ૧૩ |
| ૬ | મેડીકલ સર્ટી. | ૧૪ |
| ૭ | જાહેરનામુ | ૧૫ |
| ૮ | કલોઝીંગ પુરસીસ | ૧૬ |

**(૪)** ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૬ થી પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવતા, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે નોંધવુ જરૂરી જણાતુ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ. એ .પી .પી. શ્રીની તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** સબબ, ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે:–

**<u>–:: મુદાઓ ::–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના ફરીયાદી ગોપી S/O હરેન્દ્રસીંગ રામેશ્વર સીંગનાઓની બહેન નેન્સીબેન કે જેઓ આરોપી હિમાશું રવિન્દ્રસીંગ રાજપુતનાઓના પત્ની થાય છે. તેમજ ફરીયાદીશ્રીઓનુ પરિવાર તથા આરોપી હિમાશુ રવિન્દ્રસીંગ રાજપુતનાઓનુ પરિવાર એક સાથે એક જ મ.નં . ૩૯૮ મન મંદીર રેસીડેન્સી કોસમડી ગામખાતે રહેતા હોય તેમજ સાહેદણ ફરીયાદીશ્રીની બહેન નેન્સીબેન સગર્ભા હોય તેણીની દવા બાબતે તારીખ ૧ ૪/૦૮/૨૫ના રોજ કલાક ૦૮/૩૦ વાગે પોતાના ઘરે પતિ–પત્ની તથા સાસુ વિભાદેવી વચ્ચે ઝઘડો થતાં આરોપી હિમાશુએ આ કામના ફરીયાદીશ્રી નોકરી

ઉપર ગયેલ હોય તેઓને ફોન કરી બોલાવતા ફરીયાદીશ્રી ઘરે આવતાં સાહેદણ નેસ્નીબેન તથા ફરીયાદી ગોપી સીંગનાઓને આરોપીઓ પૈકીના સાહેદણ નેન્સીબેનના પતિ હિમાશુ તથા સાસુ વિભાબેન તથા દિયર પ્રિયાશુનાઓને મળી ગાળો બોલી, ગડદા-પાટુનો મારમારી તેમજ આરોપી પ્રિયાશુએ તેના હાથમાં પહેરેલ કડુ ફરીયાદીશ્રીને માથાના ભાગે તથા મોઢાના ભાગે મારતા ફરીયાદી ગોપીસીંગને જમણી આંખની નીચે ફેકચર પહોંચાડી તેમજ આરોપી હિમાશુએ ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરી મહે. ડી.એમ.સાહેબ,જી.ભરૂચનાઓના જાહેરનામાનો ભંગ કરી, બી.એન.એસ.કલમ-૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૨), ૩૫૨, ૩(૫) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ

**(૬)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**-:: <u>કારણો</u> ::-**

**<u>મુદા નં. ૧:-</u>**

**(૮)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો કે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૦૯ થી ફરીયાદી ગોપીકુમાર હરેન્દ્રસીંગ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આઠેક મહિના અગાઉ અમારા ઘરમાં સવારના સાડા આઠ વાગ્યાના સુમારે બનેલો. બનાવ વખતે મારી બહેન નેન્સી અને મારા બનેવી હીમાશુ સાથે બોલાચાલી થયેલી ત્યારે મને ફોન કરીને બોલાવતા હુ નોકરીથી ઘરે આવેલ તે સમયે મારા બનેવી હીમાંશુ તેની માતા વિભાબેન તથા તેના ભાઈ પ્રિયાશુ સાથે બોલાચાલી અને ઝપાઝપીના લીધે પડી જવાથી અમોને ઈજા થયેલી. જે મુજબની ફરીયાદ અમોએ આપતા મને કોર્ટના રેકર્ડમાંથી ખરી નકલ બતાવતા તેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે. આ કામના આરોપીઓ મારા બનેવી અને તેમના સગા હોય જેથી હુ ઓળખુ છે જે આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે કોઈ અણબનાવ નથી. એ વાત ખરી છે કે આરોપીએ અમને કોઈ હથિયારથી ઈજા કરેલ નથી કે ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ મે માત્ર સહી કરેલી તેની વિગત હુ જાણતો નથી. એ વાત ખરી છે કે મને પડી જવાથી ઈજા થયેલી.

(૧૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૧૧થી સાહેદ નેન્સી હીમાશું સીંગનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આઠેક મહિના અગાઉ મારા ઘરમાં સવારના સાડા આઠ વાગ્યાના સુમારે બનેલો. બનાવ વખતે મને મારા પતિ હીમાશું સાથે બોલાચાલી થયેલી ત્યારે મારા ભાઈને ફોન કરીને બોલાવતા તેઓ નોકરીથી ઘરે આવેલ અને તે સમયે મારા પતિ હીમાશું, મારી સાસુ વિભાબેન તથા મારા ડીયર પ્રિયાશુ સાથે બોલાચાલી

અને ઝપાઝપી થવાથી મારા ભાઇને ઈજા થયેલી. જે મુજબની ફરીયાદ મારા ભાઈએ આપેલી પોલીસે મારો જવાબ લીધેલો. આરોપીઓ મારા પતિ, મારા સાસુ તથા ડીયર હોય જેથી હુ ઓળખુ છુ. જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે.

બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરેલો છે કે, એ વાત ખરી છે કે અમારે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નથી. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે કોઈ અણબનાવ નથી. એ વાત ખરી છે કે આરોપીએ મારા ભાઇને કોઈ હથિયારથી ઈજા કરેલ નથી કે ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે મારા ભાઇને પડી જવાથી ઈજા થયેલી.

**<u>પુરાવાનું પૃથ્થકરણ:-</u>**

**(૧૧)** આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના આંક-૦૯થી ફરીયાદીને તપાસવામાં આવેલા છે. તેઓએ આંક-૧૦વાળી ફરીયાદનેસમર્થન કરેલ નથી. આમ, જયારે ખુદ ફરીયાદી પોતે જ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી તેમજ તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને ઉલટ તપાસ જોતા તેમા પણ તેઓએ જણાવેલ છે કે , તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ જણાવે છે. તે સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનુ જણાવે છે તેમજ તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવે છે.તેઓને આરોપી સાથે કોઈ અણબનાવ ન હોવાનુ જણાવે છે. તેમજ તેઓને આરોપીએ કોઈ હથિયારથી ઈજા કરેલ ન હોય કે કોઈ ગાળો બોલેલ ન હોવાનુ જણાવે છે. તેમજ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનુ જણાવે છે. તેમજ તેઓએ ફરીયાદમાં માત્ર સહી કરેલી તેની વિગત તેઓ જાણતા ન હોવાનુ જણાવે છે. તેઓને પડી જવાથી ઈજા થયેલાનુ જણાવે છે. વધુમાં આંક-૧૧ થી તપાસેલ સાહેદની જુબાની ઉલટ

તપાસ સહિત વંચાણે લેવામાં આવે તો, તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ જણાવે છે. તે સિવાય બીજુ કશુ બનેલ ન હોવાનુ જણાવે છે તેમજ તેઓને આરોપીઓ સાથે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવે છે.તેઓને આરોપી સાથે કોઈ અણબનાવ ન હોવાનુ જણાવે છે. તેમજ તેઓને આરોપીએ કોઈ હથિયારથી ઈજા કરેલ ન હોય કે કોઈ ગાળો બોલેલ ન હોવાનુ જણાવે છે. તેમજ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનુ જણાવે છે. તેમજ તેઓના ભાઇને પડી જવાથી ઈજા થયેલાનુ જણાવે છે. આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ સાહેદોને તપાસેલ નથી અને આંક–૧૬થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. વધુમાં, સદર કામે રેકર્ડ ઉપર આંક–૧૨થી ગુનાવાળી જગ્યાનુ ,આંક–૧૩થી મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ, આંક–૧૪થી મેડીકલ સર્ટીફીકેટ તથા આંક–૧૫થી જાહેરનામાની નકલ રજુ થયેલ છે. તે દસ્તાવેજી પુરાવો વંચાણ લેતા ગુનાવાળી જગ્યાની સ્થળ સ્થિતી રેકર્ડ પરથી જણાય આવે છે પરંતુ આ ઈજા આ કામના આરોપીએ જ કરેલ હતી કે કેમ ? તે સંબંધી લેશ માત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં સદર કામે બનાવ સમયે જીલ્લા મેજી.નું જાહેરનામું અમલમાં હોવા સંબંધી તે લગત કોઈપણ સાહેદોને પણ આ કામે તપાસવામાં આવેલ નથી. તેમ છતાં જાહેરનામું અમલમાં હોવાનું માની લેવામાં આવે તો પણ ફરીયાદની હકીકતો બાબતે ખુદ ફરીયાદી ફરીયાદ પક્ષના આક્ષેપોને સમર્થન કરતા ન હોય અન્ય સાહેદોને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી. ફરીયાદીની જુબાની લક્ષમાં લેવામાં આવે તો આરોપીને સજા કરી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ આરોપીઓએ સદર કહેવાતો ગુનો આચરેલ હોય તે સંબંધી વ્યાજબી શંકાથી પર પુરવાર થતો નથી. આરોપી સામે આક્ષેપીત ગુન્હાના તત્વો પુરવાર થતા નથી. હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સં જોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદ પક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઈ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ

નથી કે એવી કોઈ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણેઆરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેમજ એવો કોઈ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીઓએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવુ અનુમાન થઈ શકે. આથી, મુદા.નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** આ કામના **આરોપી નં.૧ હિમાશુ રવિન્દ્રસીંગ રામાપતિસીંગ રાજપુત , આરોપી નં .ર પ્રિયાશુ S/O રવિન્દ્રસીંગ રામાપતિસીંગ રાજપુત તથા આરોપી નં. ૩ વિભાદેવી W/O રવિન્દ્રસીંગ રામાપતિસીંગ રાજપુત** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–ર૭૧(૧) અન્વયે બી.એન.એસ.કલમ–૧૧૫(ર), ૧૧૭(ર), ૩૫૧(ર), ૩૫ર, ૩(૫) તથા જી.પી.એકટ ૧૩૫ શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ (એ) અન્વયે આરોપીઓએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩).** આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસાર નિકાલ કરવો.

આ હુકમ આજરોજ તારીખ: ૧૮, માહે. જુન, સને: ર૦ર૬ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: અંકલેશ્વર
તા.૧૮/૦૬/ર૦ર૬

**(મિતેષકુમાર કિરીટકુમારમહેતા)**
બીજા એડી. ચીફ જ્યુડી. મેજી.
અંકલેશ્વર
જી. જે. કોડ નં. ૦૧રર૫

**(GUJ.STENO H.S.VALA.)**
**ANKLESHWAR**